# કૃષિ સંશોધન કેન્દ્ર, આકૃયુ., ડેરોલ ખાતે સદગુરૂ ફાઉન્ડેશન (NGO) દાહોદ અંતર્ગત ખેડૂત ભાઈઓ તથા બહેનો  દ્વારા મુલાકાત

કૃષિ સંશોધન કેન્દ્ર, આકૃયુ., ડેરોલ ખાતે સદગુરૂ ફાઉન્ડેશન (NGO) પંચમહાલ જીલ્લાના મોરવાહડફ તાલુકાના ખેડૂત ભાઈઓ તેમજ બહેનો દ્વારા તા. ૨૫/૦૨/૨૦૨૦ ના રોજ મુલાકાત લેવામાં આવી. કેન્દ્રની મુલાકાતે આવેલ ખેડૂત ભાઈઓ તેમજ બહેનોને શરૂઆતમાં ડૉ. આર. જી. મછાર (યુનિટ હેડ અને સહ સંશોધન વૈજ્ઞાનિક) એ કેન્દ્રનો પરીચય તેમજ કેન્દ્ર ખાતે ચાલતી વિવિધ સંશોધન યોજનાઓમાં લેવાતા જુદા જુદા પાકના અખતરાઓ તથા ચણા, દિવેલા, મગ, મકાઈ અને ઉનાળુ મગફળી (જી.જી.-૩૪)ની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ વિશે માર્ગદર્શન આપ્યું તેમજ કેન્દ્ર ખાતે મગ (જી.એ.એમ-૫) બિયારણના વેચાણ અંગે માહિતી આપી હતી. આ મુલાકાત દરમ્યાન કેન્દ્ર ખાતે ફરજ બજાવતા શ્રી. સી. બી. ડામોર (મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (વિસ્તરણ)) દ્વારા મકાઈ, ચણા અને તુવેર પાકની સુધારેલી જાતોની પસંદગી વિષે માહિતી આપી હતી. મોબાઈલ દ્વારા ખેડૂતોને કેવી રીતે ઝડપથી અને ઘર બેઠા માહિતી મળી રહે તે વિષે માર્ગદર્શન આપ્યું ત્યારબાદ ખેડૂતોને સંશોધન કેન્દ્રની મુલાકાત કરાવી હતી.




AAU
કૃષિ સંશોધન કેન્દ્ર
આણંદ કૃષિ યુનિવર્સિટી, ડેરોલ, જિ-પંચમહાલ.





